# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/ ૭૮૪૩-૩** **તારીખ : ૨૯ - ૧૨ - ૨૦૨૧**

**<u>રજી. એડી. પત્ર</u>**

**પ્રતિ,**
**ખોખર બાબુભાઈ ડાયાભાઈ અને અન્ય બે**
**"બ્રહ્માણી કૃપા", હાઉસિંગ બોર્ડ, બ્લોક નં. ૪૧૪ આજી ડેમ પોલીસ ચોકીની સામે, શણગાર હોલની બાજુમાં,**
**મું. પો. : કોઠારીયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,**
**પીન કોડ. : ૩૬૦૦૨૨**
**મોબાઈલ : ૯૪૨૬૩૮૩૦૪૨ ૯૯૦૪૨૨૬૬૫ ૯૪૦૮૦૦૪૪૧૯**

**વિષય :** ઝુપડા વીજળીકરણ યોજના હેઠળ લીધેલ ઘર વપરાશના ૧ ફેઝ વીજ જોડાણ બાબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૬-૦૯-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૬/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૬/ક્વા-૨/૨૧-૨૨/૧૮૪૩-૩      તા.૨૯-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૩૬/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : ખોખર બાબુભાઈ ડાયાભાઈ અને અન્ય બે    ગામ: કોઠારીયા |
| પેટા વિભાગીય કચેરી | : ખોખડદળ |
| રજૂઆત કરનાર | : અરજદારો પાટડીયા પ્રકાશભાઈ હંસરાજભાઈ તેમજ ચૌહાણ કાળુભાઈ પોપટભાઈ હાજર રહેલ હતા. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માકડિયા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ અને તેમની સાથે જે.વી.ગરાણીયા નાયબ ઈજનેર શ્રી ખોખડદડ પેટાવિભાગીય કચેરી - રાજકોટ |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા, |
| ૨) મેમ્બર સ્વતંત્ર | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૨-૧૨-૨૦૨૧ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨-૧૨-૨૦૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓએ લાપાસરી રોડ પાસે આવેલ ભાખરવાળા ઇટોના ભઠ્ઠા નજીક કોઠારિયા પાસે સિંગલ ફેઝ ઘર વપરાશ માટે તા.૨૭.૧૦.૨૦૨૦ ના રોજ આવકના દાખલા ઉપર ઝુપડા વીજળીકરણ યોજનામાં લેવા માટે વાવડી પેટા વિભાગીય કચેરી ખાતે અરજી આપેલ.

૨.૧ સદર અરજીના અનુસંધાને સ્થળ તપાસ કરીને તા.૨૬.૦૩.૨૦૨૧ ના રોજ તેઓને વીજજોડાણ આપવામાં આવેલ. સદર વીજજોડાણમાં ખેતીવાડી ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવતો હોય તેઓને આઠ જ કલાક પાવર મળે છે અને વોલ્ટેજ પણ પુરા આવતા નથી.

૨.૨ સદર બાબતે અરજદાર દ્વારા વાવડી પેટા વિભાગીય કચેરી ખાતે અવારનવાર રજૂઆત કરેલ પણ ત્યાંથી કોઈ સંતોષકારક જવાબ મળેલ નથી. તેમજ વાવડી પેટા વિભાગીય કચેરી માંથી ખોખડદળ પેટા વિભાગીય કચેરીનું બાઈફરકેશન થયા બાદ ત્યાંના અધિકારીશ્રી પંચાલ સાહેબને રજૂઆત કરતા સદર અધિકારી દ્વારા પ્રત્યુતરમાં "કોઈપણ જાતનો ફેરફાર થઈ ન શકે" એવો જવાબ આપવામાં આવેલ.

૨.૩ અરજદાર વધુમાં જણાવે છે કે સદર વીજજોડાણ માટે ચાર અરજદાર દ્વારા અરજી કરવામાં આવેલ દરેકના ઘર આસપાસ જ આવેલ છે. સદર ચાર માંથી ત્રણ અરજદારને ખેતીવાડી ફીડરમાંથી વીજજોડાણ આપવામાં આવેલ જ્યારે ચોથા અરજદાર શ્રી સાકરીયા ભરતભાઈ ઉકાભાઈ ને JGY ફીડરમાંથી વીજજોડાણ આપવામાં આવેલ છે. વધુમાં અરજદારના ઘરની આસપાસ ૨૦ - ૨૫ વીજજોડાણ આવેલ છે જે ઝુપડા વીજળીકરણમાં આપવામાં આવેલ છે તે દરેક વીજજોડાણમાં JGY ફીડરમાંથી વીજપુરવઠો આપવામાં આવે છે. જેથી અરજદાર દ્વારા ખેતીવાડી ફીડરના બદલે JGY ફીડરમાંથી વીજ પુરવઠો પૂરો પાડવા માટે આ ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારોની ફરિયાદના અનુસંધાને ખોખડદડ પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ તપાસ કરતા અરજદારોના કનેક્શનો ખેતીવાડી જમીન પર છે.

ફરિયાદી અરજદાર (૧) ખોખર બાબુભાઈ ડાયાભાઇનું મકાન તૂટેલ છે છત પણ નથી તેમજ ત્યાં હાલમાં કોઈ વસવાટ નથી તેમજ (૨) પાટડિયા પ્રકાશભાઈ હંસરાજભાઈને મીટર ઓરડી છે તેમજ બાજુમાં પાણીનો ટાંકો છે અને (૩) ચૌહાણ કાળુભાઈ પોપટભાઈનું મકાન પણ ખેતીવાડી જમીન પર છે.

3.૧ વધુમાં સ્થળ તપાસ કરતા હાલ તે જગ્યાએ ઈંટના ભઠ્ઠા છે આ તમામ સ્થળના ફોટોગ્રાફ ફોરમ સમક્ષ રજૂ કરેલ છે. આમ આ જમીન ખેતીવાડી હોય સરક્યુલર નં PGVCL/Reg.Cell./T/00૭0૫૮ તા.૨૩.0૬.૨૦૧૪ મુજબ JGY ફીડર માંથી પાવર આપી ન શકાય તેમજ અગાઉના સીજીઆરએફના હુકમ પત્રનં પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/કવા-૧/૨૧-૨૨/૪૪૬૫-૧ મુજબ પણ સદર કનેકશનો JGY ફીડરો માંથી આપી શકાય નહિ.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારો (૧) ખોખર બાબુભાઈ ડાયાભાઇ (૨) પાટડિયા પ્રકાશભાઈ હંસરાજભાઈ અને (૩) ચૌહાણ કાળુભાઈ પોપટભાઈની રજૂઆત મુજબ તેઓએ ઝૂપડપટ્ટી યોજના અંતર્ગત તા.૨૭-૧૦-૨૦૨૧ ના રોજ સંલગ્ન પી.જી.વી.સી.એલ.ની કચેરીમાં અરજીની નોંધણી કરાવેલ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૬-0૩-૨૦૨૧ ના રોજ ખેતીવાડી ફીડરમાંથી વીજજોડાણ રીલીઝ કરેલ છે જેમાં 0૮ કલાકજ વીજ

પુરવઠો મળતો હોય તેમજ પૂરતા વોલ્ટેજ મળતા ન હોવાની રજૂઆત કરેલ છે. તેમજ તેઓની બાજુના અન્ય સાકરીયા ભરતભાઈ ઉકાભાઈ ને JGY ફીડરમાંથી વીજજોડાણ આપવામાં આવેલ છે તો અરજદારની રજૂઆત મુજબ તેઓને પણ ખેતીવાડી ફીડરને બદલે પાવર આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત મુજબ સદર ફરિયાદી અરજદારોની જગ્યાની સ્થળ તપાસ કરતા નીચે મુજબના વીજજોડાણો ખેતીવાડી ફીડરમાંથી રીલીઝ કરાયેલ છે.

(૧) ખોખર બાબુભાઈ ડાયાભાઇ ગ્રાહક નં – ૩૪૫૧૩/૪૬૯૨૦/૦ (આરજીપીયુ)

(૨) પાટડિયા પ્રકાશભાઈ હંસરાજભાઈ ગ્રાહક નં – ૩૪૫૧૩/૪૬૯૨૪/૨ (આરજીપીયુ) અને

(૩) ચૌહાણ કાળુભાઈ પોપટભાઈ ગ્રાહક નં - ૩૪૫૧૩/૪૬૯૨૫/૦ (આરજીપીયુ)

ઉપરોક્ત વીજજોડાણો ખેતીવાડી જમીન પર આવેલા છે તેમજ હાલમાં કોઈ વસવાટ જણાતો નથી. વધુમાં ફરિયાદી અરજદારોની રજૂઆત મુજબ અન્ય બાજુમાં આવેલ સાકરીયા ભરતભાઈ ઉકાભાઈને JGY ફીડરમાંથી ગ્રાહક નં – ૩૪૫૧૩/૦૪૬૯૨૩/૪ થી આરજીપીયુ ટેરીફ હેઠળ આપેલ છે.

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ ફરિયાદી અરજદારોના વીજજોડાણો ખેતીવાડી જમીન પર આવેલા છે તેમજ સદર જગ્યાના છટોના ભક્ષ આવેલા છે. જે કારણોસર અરજદારોને ખેતીવાડી ફીડરમાંથી જેતે સમયે વીજજોડાણ આપવામાં આવેલ છે. વધુમાં ફરિયાદીની રજૂઆત મુજબ બાજુમાં આવેલા અન્ય ગ્રાહક શ્રી સાકરીયા ભરતભાઈ ઉકાભાઈને ખેતીવાડી ફીડરમાંથી જ આપવાનું હતું પરંતુ ફીડર ક્રોસિંગ થતું હોય સલામતીના કારણોસર જે.જી.વાય ફીડરમાંથી વીજજોડાણ રીલીઝ કરેલ છે.

૪.૪ જીયુવીએનએલના પરિપત્ર નંબર : જીયુવીએનએલ/ટેક-૨/આરએનઆર-૨૭૧૯ તા.૩૦-૦૧-૧૭ માં કરાયેલ જોગવાઈના મુદ્દા નં – (૧) મુજબ ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ હેઠળના પેટા મુદ્દા નં (૩) માં કરેલ જોગવાઈ મુજબ ▯જો આવા વીજજોડાણો માટે જે.જી.વાય. ફીડર લંબાવવામાં આવે તો જે.જી.વાય યોજના અંતર્ગત ખેતીવાડી ફીડરને અલગ કરવાનો હેતુ સર થતો નથી તેમજ વીજચોરી અને અકસ્માતની શક્યતાઓ વધી જાય છે. આથી હયાત નીતિ મુજબ જ આવા વીજજોડાણ ખેતીવાડી ફીડર પરથીજ આપવા યોગ્ય છે અને પેટા મુદ્દા નં – (૪) મુજબ "વીજચોરી અને અકસ્માત નિવારવા એચ.ટી. વીજલાઈન માટે જરૂર જણાય ત્યાં વીજલાઈન ક્રોસિંગ દુર કરવા ઓવરહેડ HT AB CABLE નો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ મુદ્દા નં – (૬) મુજબ એવા સંજોગોમાં કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાનો વિસ્તાર કે છુટોછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય, તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથીજ ઉપર મુજબ વીજજોડાણ આપવાના રહેશે."

૪.૫ અરજદારની ફરિયાદને ધ્યાને લેતા, ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે, અરજદારને હાલનું વીજજોડાણ ખેતીવાડી ફીડરમાંથી જે.જી.વાય. ફીડરમાં તબદીલ કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. વધુમાં અરજદારની રજૂઆત મુજબ વોલ્ટેજ ઓછા મળતા હોય, સદર બાબતે સબસ્ટેશન સાઈડ સ્પેશિયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર સાઈડના એલ.વી. સાઈડના વોલ્ટેજ માપીને જો નિર્દિષ્ટ વોલ્ટેજ કરતા ઓછા જણાય તો, જરૂરી મેન્ટેનન્સ /અર્થિંગ કરવું તેમજ સદર કાર્યવાહી કર્યા બાદ અરજદારને લોડસાઈડ વોલ્ટેજ અરજદારની હાજરીમાં ચેક કરીને –દિવસ- ૩૦ અરજદારને તેમજ અત્રેને જાણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievances Forum
P.G.V.C.L.
Rajkot